ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# યુવાનોને દેશના નવઘડતરમાં જોડવાનું ગાયત્રી પરિવારનું વિશિષ્ઠ અભિયાન

## અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પ્રમુખ અને દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના કુલાધિપતિ ડૉ. પ્રણવ પંડ્યા સાથે વિશેષ મુલાકાત વરિષ્ઠ પત્રકાર રોહિત દવે સાથે

**પ્રશ્ન : યુવા ચેતના શિબિરનો ઉદ્દેશ શો છે ?**

ઉત્તર : વિશ્વની સૌથી પ્રાચીન સંસ્કૃતિનું ગૌરવ ધરાવતી આપણી ભારતીય સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો ભુલીને ભૌતિકવાદ અને પશ્ચિમાના આંધળા અનુકરણને કારણે વિશ્વના સૌથી યુવા દેશ ગણાતા ભારતના




યૌવનધનને યોગ્ય માર્ગદર્શનના અભાવે વર્તમાન પરિસ્થિતિ અત્યંત દયાજનક બની ગઈ છે. શાલીનતા, સભ્યતા અને ઉદારતાના બદલે નશાખોરી, દિશા હિનતાને કારણે યુવાનોમાં દુષ્ચિંચનનો પ્રભાવ વધ્યો છે. જેના કારણે આપણી સંસ્કૃતિ સામે ગંભીર સંકટ ઉભુ થું છે. પરંતુ આશાનું એક કિરણ આ યુવા શક્તિમાં પડેલું છે. યુવાનોની આ શક્તિને રચનાત્મક માર્ગે વાળવાના પ્રયાસરૂપે દેશભરમાં આ પ્રકારની યુવા ચેતના શિબિરો દ્વારા યુવાનોને દેશના નવઘડતરમાં જોડવાનું અભિયાન ચાલી રહ્યું છે.

**પ્રશ્ન : યુવા શક્તિને કયા રચનાત્મક કાર્યોમાં જોડાવાની યોજના છે ?**

ઉત્તર : આજે સમગ્ર વિશ્વ સામે સૌથી મોટુ સંકટ પ્રદૂષણને કારણે પર્યાવરણની અનિયમિતતારૂપે પ્રચંડ પૂર, હિમ વર્ષા. વાવાઝોડા, દરિયાઈ તોફાનો સ્વરૂપે દેખાઈ રહ્યું છે. હાલમાં દર બાર વર્ષે યોજાતો મહાકુંભ અલ્હાબાદમાં યોજાઈ રહ્યો છે. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા સમગ્ર દેશમાં વૃક્ષગંગા મહાકુંભરૂપે ભારતની ધરતીને એક કરોડ વૃક્ષરૂપી હરીયાળી ચાદર ઓઢાડવાનું અભિયાન શરૂ કર્યું છે. એક જ વર્ષમાં અમે ડુંગરો, ખુલ્લી જમીનો દત્તક લઈને ૬૦ લાખ જેટલું વૃક્ષારોપણ કર્યું છે. ગુજરાતમાં પણ મોટાપાયે સ્વૈચ્છિક વૃક્ષારોપણ થઈ રહ્યું છે. જેમાં અન્ય સંસ્થાઓનો પણ સહયોગ મળી રહ્યો છે. નર્મદા, ગંગા, બનાસ જેવી નદીઓનું શુદ્ધિકરણનો એક વ્યાપક કાર્યક્રમ યુવા શક્તિને જોડીને શરૂ કરવામાં આવ્યો છે. ભારતનું અર્થતંત્ર ગ્રામીણ સંસ્કૃતિ ઉપર ટકેલુ છે. આથી વ્યસનમુક્ત, સ્વચ્છ, સ્વાવલંબી તીર્થગ્રામ તરીકે દરેક ગામનો વિકાસ થાય એવી યોજના શરૂ કરી છે. વ્યસનમુક્તિ અને દહેજપ્રથા જેવી કુરીતિઓના ઉન્મુલન તેમજ કન્યા ભ્રુણ હત્યા અટકાવવા જેવી સામાજિક ચેતનાની યોજનાઓમાં પણ યુવા વર્ગ મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે.

**પ્રશ્ન : અત્યારે દેશનું ચિત્ર અત્યંત નિરાશાજનક છે તેમાં કેવી રીતે સુધાર લાવી શકાશે ?**

ઉત્તર : ભગવાન શ્રી રામે વનવાસ સ્વીકારીને દેશભરમાં ભ્રમણ કર્યુ અને ધરતી ઉપરથી આસુરીશક્તિને મીટાવવા માટે તપશ્ચર્યા કરી હતી. આપણો ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે જ્યારે આપણામાં સુષુપ્તિ આવી ત્યારે મહર્ષિ દયાનંદ, મહર્ષિ અરવિંદ, આદ્ય શંકરાચાર્ય જેવા અનેક તરૂણોએ દેશને નેતૃત્વ આપ્યુંછે. યુવાનોમાં પડેલી આંતરિક શક્તિઓને બહાર લાવી તેનો યોગ્ય ઉપયોગ કરવાનું પ્લેટફોર્મ અમે પુરૂ પાડી રહ્યા છીએ.

**પ્રશ્ન : યુવાનોમાં આત્મવિશ્વાસ જાગે કેવી રીતે?**

ઉત્તર : સ્વપ્રસિદ્ધિ અને અહંકાર છોડીને યુવાવર્ગ નિષ્ઠાપૂર્વક રાષ્ટ્રનિર્માણના કાર્યમાં જોડાઈ જાય તે માટે યુવાનોના ચારીત્ર્ય ઘડતર પ્રત્યે પણ અમે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શાલિનતા, સજ્જનતા અને ઉદારતાની ભાવના બળવત્તર બને તે માટે યુવાનોને ધ્યાન, યોગ, તપ-તિતિક્ષાના આદર્શો પણ શીખવવામાં આવે છે. ગાયત્રી મંત્ર સદ્‌બુદ્ધિનો મંત્ર છે. ગાયત્રીની ઉપાસનાથી સાત્વિકતા અને આત્મબળ વધે છે.

**પ્રશ્ન : ગાયત્રી પરિવારની અન્ય પ્રવૃત્તિ કઈ છે?**

ઉત્તર : ગાયત્રી વેદમાતા છે અને યજ્ઞ ભારતીય સંસ્કૃતિના પિતા છે. બન્નેના આશીર્વાદથી આત્મિક પ્રગતિની સાથે સામાજિક ચેતનાનું કાર્ય તીવ્ર ગતિથી ચાલી રહ્યું છે. પૂજ્ય ગુરૂદેવ શ્રીરામ શર્મા આચાર્યજી અને માતાજી ભગવતીદેવી શર્મા તેમના જીવનકાર્ય દ્વારા આપણી સમક્ષ જે ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે તે દરેક માટે અનુકરણીય છે. દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલયના માધ્યમથી રાષ્ટ્રને સમર્પિત આદર્શ નાગરિકોનું સૃજન થઈ રહ્યું છે. તેની સાથોસાથ ભારતીય સંસ્કૃતિના ગૌરવમય ઈતિહાસ અને પરંપરાઓની ભાવિ નાગરિકોમાં જાણકારી આવે તે માટે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ અભ્યાસ કરતા બાળકો માટે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા દ્વારા સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. એકલા ગુજરાતમાંથી દર વર્ષે પાંચ થી છ લાખ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ભાગ લે છે.

ભારતીય સંસ્કૃતિના આદર્શોને અનુરૂપ અમારો ધ્યેય સમગ્ર સૃષ્ટિ, પૃથ્વીમાતાના સંરક્ષણ, સંવર્ધન માટે વૈશ્વિક સ્તરે ગાયત્રી ચેતના કેન્દ્રો અને ગાયત્રી શક્તિપીઠના માધ્યમથી સર્વે ભવન્તુ સુખીનઃના મંત્રને ચરિતાર્થ કરવા મળે અખિલ વિશિવ ગાયત્રી પરિવારના કરોડો સાધકો નમ્ર પ્રયાસ કરી રહ્યા છે.





ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રના કલાકારોએ તાજેતરમાં નેશનલ કન્વેન્શન આઈકોન-૨૦૧૩ માં ભાગ લઈ ગુજરાતના લોકનૃત્યોની શાનદાર રજૂઆત કરી હતી. ગુજરાત ટુરીઝમ કોર્પોરેશનના સહયોગથી તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલા આ યુથ કન્વેન્શનમાં પનઘટ ગ્રુપની કૃતિઓને ખુબ સરાહના મળી હતી. સંસ્થાના પ્રમુખ ભાવિન પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ રજૂ કરાયો હતો.

# આકરી બનતી ગરમી પારો ૩૪ ડિગ્રીએ પહોંચ્યો

ગાંધીનગર, તા.૩

ઉનાળાની ગરમીનો અહેસાસ ભર બપોરે થાય છે.



મહત્તમ તાપમાન ધીમે ધીમે વધી રહ્યું છે અને તડકો વધુને વધુ આકરો બનતો જાય છે. જો કે હજુ રાત્રે ગુલાબી ઠંડીનો અહેસાસ થાય છે અને લઘુત્તમ તાપમાન ૧૪ થી ૧૬ની આસપાસ રહે છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાનની વચ્ચે લગભગ અઢાર-વીસ ડિગ્રીનું અંતર રહે છે.

છેલ્લા કેટલાક અઠવાડિયાથી તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. તડકો આકરો બનતા મહત્તમ તાપમાન વધી રહ્યું છે. પરંતુ હજુ રાત્રે અને વહેલી સવારે થોડીક ઠંડી અનુભવાય છે. તડકાના કારણે આજે મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી સુધી પહોંચી જતાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે.

# તાલુકા સહકારી સંઘની ચૂંટણી જાહેર

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી ૧૨મી એપ્રિલે યોજાશે : આજે મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકા ખરીદ વેચાણ સંઘના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી અંગેની જાહેરાત થતાં જ સહકારી ક્ષેત્રમાં ચૂંટણીનો સળવળાટ ઉભો થવા પામ્યો છે.

આ ચૂંટણી માટે નિમાયેલ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી પ્રકાશ મકવાણાએ જાહેર કરેલ કાર્યક્રમ મુજબ ૪થી માર્ચે મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ કરાશે. આ મતદારયાદીને લઈ ૧૧ માર્ચ સુધી વાંધા-દાવાઓ દાખલ કરવાના રહેશે. ૧૯મી માર્ચના રોજ મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે.

ચૂંટણી અધિકારીશ્રી મકવાણાના જણાવ્યાનુસાર ૨૧ માર્ચથી ૨૭ માર્ચ દરમ્યાન આ ચૂંટણી માટેના ઉમેદવારીપત્રો ભરી શકાશે. જ્યારે આ ચૂંટણી માટેના ઉમેદવારી પત્રોની ચકાસણી ૨૮મી માર્ચના રોજ કરાશે અને માન્ય ઉમેદવારોની યાદી ૨૮મીએ જ પ્રસિદ્ધ કરાશે.

ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવાની અંતિમ તારીખ ૧લી એપ્રિલના રોજ બપોરના ૩ વાગ્યા સુધીની રહેશે. જો મતદાન જરૂરી જણાશે તો ૧૨મી એપ્રિલે મતદાન યોજવામાં આવશે અને મતગણતરી ૧૩મી એપ્રિલના રોજ યોજવામાં આવશે.

ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ૧૨ ડિરેક્ટરોની ચૂંટણીને લઈ સહકારી જગતમાં રાહ જોવાતી હતી હવે આ ચૂંટણી જાહેર થતાં જ સહકારી આગેવાનો દ્વારા આ અંગેના આટાપાટાઓ શરૂ થઈ ગયા છે.



**સાંભળ્યુ છે કે...**

....સે. ૨૧ સદસ્ય નિવાસથી વિધાનસભા સુધીની ધારાસભ્યો માટેની ખાસ મીની બસ સેવાનો લાભ માત્ર બે જ સભ્યો ઉઠાવે છે એક શંભુજી ઠાકોર અને બીજા મહેન્દ્ર મશરૂ.

....નવા મંત્રી મંડળની રચનાના બે માસ બાદ પણ પરાજિત મંત્રીઓના અંગત સ્ટાફમાં ફરજ બજાવતા ૧૩ અધિકારીઓ હજુ નવા પોસ્ટીંગની રાહ જુવે છે.

....નગરના જાણિતા શૈક્ષણિક સંકુલમાં આગામી વર્ષથી અદ્‌ભૂત અભિગમ સાથે 'ડ્રીમ સ્કૂલ' આકાર લઈ રહી છે.

....ગાંધીનગરમાં ટુંક જ સમયમાં વિશ્વ પ્રસિદ્ધ લાયબ્રેરી 'ક્રોસવર્લ્ડ' શરૂ થઈ રહી છે.

.... ઈન્ફોસીટી પોલિસ સ્ટેશન માત્ર ચોપડે જ છે. ઈન્સ્પેક્ટર નિમાયા પણ ઓફિસ કે સ્ટાફ છે જ નહિ...

# આજે વસંતોત્સવનો છેલ્લો દિવસ

## સંસ્કૃતિકુંજમાં ભીડ ઉભરાઈ : છેલ્લા ૧૦ દિવસમાં ૩ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૩

શહેરમાં છેલ્લા ૧૦ દિવસથી આકર્ષણનું કેન્દ્ર બનેલા વસંતોત્સવનું આજે સમાપન થશે. કલા અને સંસ્કૃતિના બેનમુન નમૂનાઓથી સજ્જ સંસ્કૃતિકુંજનું મેદાન રોજબરોજ



હજારો મુલાકાતીઓથી ઉભરાય છે. અત્યાર સુધીમાં આંદાજિત ત્રણ લાખ જેટલા કલારસિકોએ વસંતોત્સવની મજા લીધી છે. આજે અંતિમ દિવસે પણ ભીડ જામે તેવી સંભાવના છે.

શહેરમાં 'જ' માર્ગ પર સ્થિત સંસ્કૃતિકુંજના વિશાળ ભેખડ વિસ્તારમાં ગત તા. ૨૧ ફેબ્રુઆરીથી વસંતોત્સવની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગ દ્વારા યોજાયેલા વસંતોત્સવની રંગારંગ ઉજવણીમાં કલાત્મક ચીજવસ્તુઓના બેનમૂન નમૂનાઓ તેમજ સાંસ્કૃતિક નૃત્યો નિહાળવા રોજબરોજ હજારો નાગરિકોની ભીડ ઉભરાય છે. જયારે શનિ-રવિની રજાના દિવસોમાં સાંજ ઢળતા જ નદીના કોતર વિસ્તારમાં સ્થિત વસંતોત્સવની ઉજવણીનો નઝારો કાંઈક વિશેષ જોવા મળ્યો હતો. સાંસ્કૃતિક કુંજમાં હસ્તકલા કારીગીરીના વિવિધ સ્ટોલ્સ, ફૂડ કોર્ટ ઉપરાંત વિશેષ રૂપે તૈયાર કરાયેલા સ્ટેજ પરથી રજૂ થતા વૈવિધ્યસભર સાંસ્કૃતિક નૃત્યો નિહાળવા શ્રોતાઓની ભીડ જામે છે. ૧૦ દિવસ દરમિયાન બહારથી આવેલા ૧૨૫ અને

● અનુસંધાન પાન-૭ પર

**સને ૧૯૮૨ના ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી કરવા બાબતના નિયમો અન્વયે ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ગાંધીનગરની તા. ૨-૩-૨૦૧૩ના રોજની કામ ચલાઉ મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ અંગેની નોટીસ**

**(જુઓ નિયમ-૪)**

આથી નોટીસ આપવામાં આવે છે કે, સને ૧૯૮૨ના ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો અનુસાર ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ગાંધીનગર સંસ્થાની બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચૂંટણી માટેની તા. ૪-૩-૨૦૧૩ના રોજ કામ ચલાઉ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ મતદાર યાદી મારી કચેરીએ જોવા મળી શકશે. મતદાર યાદી સામે જે કોઈને વાંધો હોય, અગર નામ ઉમેરવાનું થતું હશે. અથવા કોઈ નામમાં સુધારો - વધારો કરવાનો થતો હશે તો તે અંગે તા. ૧૭-૩-૨૦૧૩ સુધીમાં લેખિત રજૂઆત અમારી સમક્ષ જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૧ કલાકથી બપોરના ૩ કલાક સુધીમાં રજૂ કરી શકશો.

**સ્થળ : ગાંધીનગર**
**તારીખ : ૪-૩-૨૦૧૩**

(પ્રાંત અધિકારીનો સિક્કો)

**સહી/-**
**(પ્રકાશ મકવાણા)**
**ચૂંટણી સત્તાધિકારી,**
**ગાંધીનગર તાલુકા ખરીદ વેચાણ સંઘ લી.,**
**અને પ્રાંત અધિકારી, ગાંધીનગર**

**નમુનો-૧**
**(જુઓ નિયમ - ૧૬)**

જિલ્લા કલેક્ટરશ્રી, ગાંધીનગરની કચેરીના તા. ૧-૯-૨૦૦૮ના હુમકથી ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ગાંધીનગર સામાન્ય ચૂંટણી માટે કલમ-૧૪૫ (ખ) અન્વયે અમોને અધિકૃત કરવામાં આવેલ છે.

હું પ્રકાશ મકવાણા, ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારી, ગાંધીનગર આથી જાહેર કરું છું કે, ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી., ગાંધીનગરના નામે ઓળખાતી સહકારી સમિતિના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની ચૂંટણી થવાની છે. જેથી આ સાથેની અનુસુચિના કોલમ-૧માં નિર્દિષ્ટ કરેલ મતદાર મંડળ અથવા મતદાર મંડળો (જેનો આમાં હવે પછી 'સંબંધિત મતદાર મંડળ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)

**ચૂંટણી સંબંધમાં :-**

(૧) સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસુચિના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં તૈયાર કરેલ કામ ચલાઉ મતદાર યાદી પ્રસિદ્ધ કરવા અંગેની છેલ્લી તારીખ અને સમય નક્કી કરે છે.

(૨) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૩માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને મતદાર યાદી અંગે વાંધા તથા નામ દાખલ કરવા વિગેરે માટે રજૂઆત કરવાની છેલ્લી તારીખ અને સમય નક્કી કરે છે.

(૩) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૪માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં તૈયાર કરેલ મતદાર યાદીની અમારી પ્રસિદ્ધ કરવા અંગેની છેલ્લી તારીખ અને સમય નક્કી કરે છે.

(૪) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૫માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારી પત્રો મેળવવા તથા ઉમેદવારી પત્રો ભરીને પરત કરવા માટેની છેલ્લી તારીખ, સમય અને સમથળ તરીકે નક્કી કરે છે.

(૫) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૬માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારીપત્રો પ્રસિદ્ધ કરવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ નક્કી કરે છે.

(૬) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૭માં નિર્દિષ્ટ કરેલ તારીખને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં મળેલા ઉમેદવારી પત્રોની ચકાસણી કરવા માટેની તારીખ, સમય અને સ્થળ નક્કી કરે છે.

(૭) સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસુચિના કોલમ-૮માં નિર્દિષ્ટ કરેલ કરેલ તારીખને માન્ય ઉમેદવારીપત્રોની પ્રસિદ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરે છે.

(૮) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૯માં નિર્દિષ્ટ કરેલ તારીખ, સમય અને સ્થળને સંબંધિત મતદાર મંડળના સંબંધમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે.

(૯) સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૧૦માં નિર્દિષ્ટ કરેલ તારીખને સંબંધિત મતદાર મંડળ સંબંધમાં હરીફ ઉમેદવારોની છેલ્લી યાદીની પ્રસિદ્ધિની તારીખ તરીકે નક્કી કરે છે.

(૧૦)સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૧૧માં નિર્દિષ્ટ કરેલ સમયને મતદાર કરવાના સમય તરીકે નક્કી કરે છે.

(૧૧)સંબંધિત મતદાર મંડળ સામે સદરહું અનુસુચિના કોલમ-૧૨માં નિર્દિષ્ટ કરેલ તારીખ અને સમયને કોલમ-૧૨માં નિર્દિષ્ટ કરેલ સ્થળને મત ગણતરી માટેના તારીખ, સમય અને સ્થળ તરીકે નક્કી કરે છે.

(૧૨)સંબંધિત મતદાર મંડળ સામે સદરહુ અનુસુચિના કોલમ-૧૩માં નિર્દિષ્ટ કરેલ તારીખને મતદાનના પરિણામની જાહેરાતની તારીખ તરીકે નક્કી કરે છે.

**બિડાણ : અનુસુચિ**

(પ્રાંત અધિકારીનો સિક્કો)

**સહી/-**
**(પ્રકાશ મકવાણા)**
**ચૂંટણી સત્તાધિકારી,**
**ગાંધીનગર તાલુકા ખરીદ વેચાણ સંઘ લી.,**
**અને પ્રાંત અધિકારી, ગાંધીનગર**

**અનુસુચિ**
**ચૂંટણીની નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે,

ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.,ના બોર્ડ ઓફ ડીરેક્ટર્સની સામાન્ય ચૂંટણી-૨૦૧૩ના કામે નીચેની વિગતે કાર્યક્રમ બહાર પાડવામાં આવે છે.

| ક્રમ | કાર્યક્રમની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | મતદાર મંડળનું નામ | ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. |
| ૨. | કામ ચલાઉ મતદાર યાદીની પ્રસિદ્ધિ | તારીખ : ૪-૩-૨૦૧૩ |
| ૩. | વાંધો તથા નામ દાખલ કરવા વિગેરે માટે રજૂઆતની છેલ્લી તારીખ | તારીખ : ૧૧-૩-૨૦૧૩ |
| ૪. | આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ : ૧૯-૩-૨૦૧૩ |
| ૫. | ઉમેદવારી પત્રો મેળવવા તથા ઉમેદવારી પત્ર ભરીને પરત આપવા માટેની છેલ્લી તારીખ, સમય અને સ્થળ | તારીખ :૨૧-૩-૨૦૧૩ થી તા. ૨૬-૩-૨૦૧૩ સુધી સમય : ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૬. | મળેલ ઉમેદવારી પત્રોની યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | જે તારીખે ઉમેદવારીપત્ર મળે તે તારીખે ૧૮-૦૦ કલાકે સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૭. | ઉમેદવારી પત્રની ચકાસણી માટેની તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૨૮-૩-૨૦૧૩, સમય : ૧૧-૦૦ કલાકે સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૮. | માન્ય ઉમેદવારી પત્રોની યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ : ૨૮-૩-૩૦૧૩ સમય : ૧૮.૦૦ કલાકે સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૯. | ઉમેદવારી પત્રો પાછાં ખેંચી લેવાના તારીખ, સમય અને સ્થળ | તારીખ : ૧-૪-૨૦૧૩ સુધી સમય : ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક સ્થળ : પ્રાંત કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૧૦. | હરીફ ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | તારીખ : ૧-૪-૨૦૧૩ ૧૫.૦૦ કલાકે |
| ૧૧. | મતદાર જરૂરી હોય તો તેની તારીખ અને સમય | તારીખ : ૧૨-૪-૨૦૧૩ સમય : ૯.૦૦ થી ૧૬.૦૦ કલાક સ્થળ : બોર્ડ રૂમ, ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ, પથિકાશ્રમ સામે, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૧૨. | મતગણતરી માટેની તારીખ સમય અને સ્થળ | તારીખ : ૧૨-૪-૨૦૧૩ સમય : ૧૭ કલાકથી મતગણતરી પૂર્ણ થયાં સુધી સ્થળ : બોર્ડ રૂમ, ગાંધીનગર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ, પથિકાશ્રમ સામે, સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ, સેક્ટર-૧૧, ગાંધીનગર |
| ૧૩. | મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખ | તારીખ : ૧૩-૪-૨૦૧૩ મતગણતરી પૂર્ણ થયા બાદ |
| ૧૪. | ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની તારીખ | તારીખ : ૧૩-૪-૨૦૧૩ ચૂંટણી પરિણામ જાહેર થયેથી. |

**નં. પીઓ/એડીએમ/વશી.૪૩૫ થી ૪૩૭/૨૦૧૩**
**પ્રાંત અધિકારીની કચેરી,**
**બીજો માળ, જિલ્લા સેવા સદન,**
**સેક્ટર-૧૧, ગાંધીનગર**
**તા. ૪/૩/૨૦૧૩**

(પ્રાંત અધિકારીનો સિક્કો)

**સહી/-**
**(પ્રકાશ મકવાણા)**
**ચૂંટણી સત્તાધિકારી,**
**ગાંધીનગર તાલુકા ખરીદ વેચાણ સંઘ લી.,**
**અને પ્રાંત અધિકારી, ગાંધીનગર**

# ગાંધીનગર જિલ્લાના ગોકુળિયા ગામોમાં સુવિધા માટે ૧૫ કરોડનો ખર્ચ કરાયો

## ૫૮ ગામોમાં કોમ્યુનીટી હોલ, ૯૦ આંગણવાડી કેન્દ્રો અને ૧૭ પંચાયત ઘર આ યોજના અંતર્ગત નવા બનાવવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના તમામ ગામોને ગોકુળિયા ગામ બનાવવા પાછળ રૂ. ૧૫ કરોડ ૧૦ લાખનો ખર્ચ થવા પામ્યો છે.

ભારતીય જનતા પક્ષે ૧૯૯૫માં પ્રથમવાર સત્તાના સૂત્રો સંભાળ્યા ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં સુવિધાઓ ઉભી કરી શહેરીકરણને નાથવા માટે આ ગોકુળગ્રામની યોજના દાખલ કરી હતી.

જિલ્લામાં પાંચ તબક્કામાં આ યોજના અંતર્ગત કામો હાથ ધરવામાં આવ્યા હતા અને તમામ ૩૦૨ ગામોને આવરી લેવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ ગોકુળ ગ્રામ યોજના અંતર્ગત જિલ્લાના ૫૮ જેટલા ગામોમાં કોમ્યુનીટી હોલ નિર્માણ કરવામાં આવ્યા છે.

૯૦ આંગણવાડી કેન્દ્રો, ૧૭ પંચાયત ઘર અને ૯ જેટલા સી.સી. રોડનું કામ આ યોજના અંતર્ગત કરવામાં આવેલ છે. જિલ્લો સમગ્ર ગોકુળિયો બન્યો છે. જો કે આમ છતાં જિલ્લામાં આજે કુલ વસ્તીના ૪૬ ટકા લોકો તો શહેરમાં જ વસી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ગોકુળગ્રામ યોજના અંતર્ગત હવે કોઈ કામગીરી કરવાની બાકી રહેતી નહિ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

**નોટીસ**


સાંચા કામ સબબે તારીખ ૬-૩-૧૩, બુધવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. સેક્ટર-૨૯, ઘ-૭, સબસ્ટેશન**
**૨. ઈન્દ્રોડા ગામ, ઓવરહેડ લાઈન**

**સહી/-**
**ટોરેન્ટ પાવર લિમીટેડ**








ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

# જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com